RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 145* Date: 16.03.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

### પાકિસ્તાનમાં યુધ્ધ જેવો માહોલ

# ઇમરાનને સતાવી રહ્યો છે હત્યાનો ડર, પાકિસ્તાનના રોડ પર સર્જાયા મારા- મારીના ભયાનક દ્રશ્યો

**મારો, મારો, લાકડીઓ છીનવીને ઈમરાનખાનના સમર્થકોએ પોલિસવાળાને જ માર્યો.પોલીસને ભગાડયા**





ઈસ્લામાબાદ,તા.૧૫

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સમર્થકો તેમની ધરપકડ કરવા આવેલી ઈસ્લામાબાદ પોલીસનો વિરોધ કરવા માટે એકઠા થયા હતા. તોશાખાના કેસમાં ખાન વિરુદ્ધ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જાહેર થયાના એક દિવસ બાદ પોલીસ તેના ઘરે પહોંચી હતી.હાલ ન તો પાકિસ્તાનની આર્થિક સ્થિતિ સારી છે કે ન તો રાજકીય સ્થિતિ. લાહોર છેલ્લા ૧૪ કલાકથી યુદ્ધનું મેદાન બની ગયું છે. પોલીસ અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સમર્થકો વચ્ચે લડાઈ ચાલી રહી છે. જમાન પાર્ક, જ્યાં ઈમરાન ખાનનું રહેઠાણ છે, પોલીસે ફરીથી ઘેરાબંધી શરૂ કરી છે. ઈમરાનની ધરપકડ કરવા પહોંચેલી પોલીસ સાથે તેના સમર્થકોનું ઘર્ષણ થઈ રહ્યું છે. જેમા પોલીસ અને ઈમરાન ખાનના સમર્થકો બંને પક્ષો ઘાયલ થયા હતા.

લાહોરમાં પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના ઘરની બહાર, પોલીસે બુધવારે સવારે ૬ વાગ્યે ફરીથી ટીયરગેસ અને ભારે શેલિંગ શરૂ કર્યું. આ પછી પોલીસની ટીમે ઘરને ઘેરી લીધું હતું. જણાવી દઈએ કે ઈસ્લામાબાદ પોલીસ તોશાખાના કેસમાં તેની ધરપકડ કરવા માંગતી હતી, જેના માટે ગઈકાલથી સતત પ્રયાસો કરી રહી છે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, એક સરકારી પ્રવક્તાએ કહ્યું કે અથડામણમાં બંને પક્ષના ઘણા લોકો ઘાયલ થયા છે.હકીકતમાં, કોર્ટના આદેશ પર ઈમરાન ખાનની ધરપકડ કરવા માટે ઈસ્લામાબાદથી પોલીસ ટીમના આગમન પછી, તેમના સમર્થકો તેમના ઘરની બહાર એકઠા થયા હતા. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના કાર્યકરો અને સમર્થકોએ લાહોરના જમાન પાર્ક પર કબજો જમાવી લીધો હતો. બીજી તરફ આજે સવારે પોલીસે ફરી એકવાર લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરીને સમર્થકોને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો.તમને જણાવી દઈએ કે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના ઘરની બહાર એકઠા થયેલા તેમના સમર્થકોએ તેમની ધરપકડને રોકવા માટે મંગળવારે પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. ખાનને પકડવાના તમામ પ્રયાસો કરવા છતાં પોલીસ તેની ધરપકડ કરી શકી નથી. ખાનના સમર્થકોને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો. ઈસ્લામાબાદ પોલીસના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે તેમની ટીમ તોશાખાના કેસમાં ખાનની ધરપકડ કરવા અહીં આવી છે.ઈમરાન ખાન પર આરોપ છે કે તેમણે વડાપ્રધાન પદ દરમિયાન મળેલી ભેટ તોશાખાનામાંથી ઓછી કિંમતે ખરીદી હતી અને નફા માટે વેચી દીધી હતી. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના અધ્યક્ષ ખાનના નિવાસસ્થાન તરફ આગળ વધતાં જ પોલીસ અને પીટીઆઈ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું. ખાનના સમર્થકો, જેમણે તેમના ચહેરા કપડાથી ઢાંકેલા હતા, તેઓએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો કર્યો.

રિપોર્ટ્સ અનુસાર, પોલીસ ટીમનું નેતૃત્વ કરી રહેલા ઈસ્લામાબાદના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન્સ) શહઝાદ બુખારી પથ્થરમારાને કારણે ઘાયલ થયા છે. અથડામણમાં ઈમરાન ખાનના સમર્થકો અને પોલીસકર્મીઓ બંને ઘાયલ થયા હતા. એક વીડિયો સંદેશમાં ઈમરાન ખાને તેમના સમર્થકોને વાસ્તવિક આઝાદી માટે તેમના ઘર છોડવા વિનંતી કરી હતી. તેણે વીડિયોમાં કહ્યું હતું કે તેમને (સરકારને) લાગે છે કે મારી ધરપકડ બાદ દેશ સૂઈ જશે. તમારે તેમને ખોટા સાબિત કરવા પડશે. પીટીઆઈના વરિષ્ઠ નેતા ફારૂક હબીબે પત્રકારોને કહ્યું હતું કે ગમે તે થાય, ઈમરાન ખાન બનાવટી કેસમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ નહીં કરે.

ખાનને પકડવાના કલાકો સુધી પ્રયાસ કરવા છતાં પોલીસ તેની ધરપકડ કરી શકી ન હતી. ખાનના સમર્થકોને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના અધ્યક્ષ ઈમરાન ખાનના ઘર તરફ કૂચ દરમિયાન પોલીસ અને પીટીઆઈ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. ખાનના સમર્થકો, જેમણે તેમના ચહેરા કપડાથી ઢાંકેલા હતા, તેઓએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો કર્યો. રિપોર્ટ્સ અનુસાર, પોલીસ ટીમનું નેતૃત્વ કરી રહેલા ઈસ્લામાબાદના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન્સ) શહઝાદ બુખારી પથ્થરમારાને કારણે ઘાયલ થયા છે. અથડામણમાં ખાનના સમર્થકો અને પોલીસકર્મીઓ બંને ઘાયલ થયા હતા.એક વીડિયો સંદેશમાં, ખાને તેમના સમર્થકોને 'વાસ્તવિક સ્વતંત્રતા× માટે બહાર આવવા વિનંતી કરી. ખાને વીડિયોમાં કહ્યું, "તેઓ (સરકાર) વિચારે છે કે મારી ધરપકડ બાદ દેશ સૂઈ જશે. તમારે તેમને ખોટા સાબિત કરવા પડશે.

## દિલ્લી સરકાર બધાને મફત વિજળી આપવાનુ ચાલુ રાખશેઃ ઉર્જા મંત્રી આતિશી

**એલજીએ ખામીયુક્ત કાયદાકીય સલાહના આધારે દિલ્લી સરકારની વીજળી સબસિડી પાછી ખેંચવા માટે વીજળી વિભાગ પર દબાણ કર્યું હતુ**



નવીદિલ્હી,તા.૧૫

દિલ્લી સરકારે વીજળી સબસિડી પર ચાલી રહેલી અટકળોનો અંત લાવતા કહ્યુ છે કે સબસિડી ઘટાડવામાં આવશે નહીં અને બધાને મફત વીજળી ચાલુ રહેશે. સરકાર તરફથી આ સ્પષ્ટતા એલજીની ઑફિસ દ્વારા વીજળી સબસિડી પૉલિસીમાં ફેરફારની ભલામણ કરતી નોટ બહાર પાડવામાં આવ્યા બાદ આવી છે. ઉર્જા મંત્રી આતિશીએ આરોપ લગાવ્યો હતો કે એલજીએ ખામીયુક્ત કાયદાકીય સલાહના આધારે દિલ્લી સરકારની વીજળી સબસિડી પાછી ખેંચવા માટે વીજળી વિભાગ પર દબાણ કર્યુ હતુ. જ્યારે ડીઈઆરસીએ ૬ જાન્યુઆરીએ જ દિલ્લી સરકારને એક પત્ર લખ્યો હતો, જેમાં ૫ કેવી અથવા ૩ કેવીથી વધુ લોડના કનેક્શન ધરાવતા ગ્રાહકોને વીજળી સબસિડી બંધ કરવાની સલાહ પાછી ખેંચી હતી.

આપ સરકારનો આરોપ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્લીમાં વીજળી સબસિડી બંધ કરવા માંગે છે અને એલજીએ પીએમના દબાણમાં આ નિવેદન બહાર પાડ્યુ હતુ. સરકારનુ કહેવુ છે કે મોંઘવારીના આ યુગમાં વીજળી સબસિડીએ દિલ્લીની સામાન્ય જનતાને મોટી રાહત આપી છે. ઉર્જા મંત્રીએ કહ્યું કે અમારી પાવર સબસિડીમાં કોઈ ફેરફાર થવાનો નથી. એલજી ઑફિસ જાણીજોઈને તેના વિશે ખોટી માહિતી ફેલાવી રહી છે. તેમણે કહ્યુ કે તત્કાલીન ઉર્જા મંત્રી મનીષ સિસોદિયાએ જીઈઆરસી ચેરમેનને પત્ર લખીને સમગ્ર મામલાની તપાસ કરીને નવો અભિપ્રાય આપવા જણાવ્યુ હતુ. કારણ કે જીઈઆરસીની છેલ્લી સલાહને ૨ વર્ષથી વધુ સમય વીતી ગયો હતો. આના પર ડીઈઆરસીએ આ બાબતે વિગતવાર કાનૂની તપાસ હાથ ધરી હતી અને ૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ નવો અભિપ્રાય રજૂ કર્યો હતો.

ડીઈઆરસીના અધ્યક્ષે તેમના આદેશમાં કહ્યું કે સલાહનો સંપૂર્ણ વિચાર એ દેખાય છે કે પેન્શન ટ્રસ્ટ સરચાર્જની સમસ્યાને દૂર કરવી પડશે. તેથી સલાહ જે સંપૂર્ણપણે બિનજરૂરી હતી તે કદાચ સદ્ભાવનાથી આપવામાં આવી હતી. પરંતુ સંપૂર્ણપણે ખોટું હતું. પંજાબ પોલીસ એક્શન મોડમાં, ૭ દિવસમાં ૨૩૪ ડ્રગ માફિયાઓની ધરપકડ, ૨૫ ભાગેડુઓ પણ ઝડપાયાપંજાબ પોલીસ એક્શન મોડમાં, ૭ દિવસમાં ૨૩૪ ડ્રગ માફિયાઓની ધરપકડ, ૨૫ ભાગેડુઓ પણ ઝડપાયા એલજીના કાર્યાલયે કહ્યુ કે ઉપરાજ્યપાલે તેમના કોઈપણ પત્રમાં સબસિડી પાછી ખેંચી લેવાનુ સૂચન કર્યુ નથી. એલજીએ વારંવાર કહ્યુ છે કે ખાનગી વીજ કંપનીઓને સબસિડી આપવાને બદલે તે ગરીબોના ખાતામાં સીધી જ આપવામાં આવે જે પાત્ર છે. લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરો. એલજી કાર્યાલયે જણાવ્યુ હતુ કે ગરીબ લોકોના નામે ખાનગી ડિસ્કોમ અને ખાસ કરીને અનિલ અંબાણીની માલિકીની બીએસઈએસની તરફેણ કરવા અને અયોગ્ય નાણાકીય લાભ આપવાના કૃત્યમાં રંગે હાથ પકડાયા પછી, આપ સરકાર પાયાવિહોણા, ખોટા અને ભ્રામક નિવેદનો આપવાનો પ્રયાસ કરી રહી છે

**કોરોનાની જેમ એચ-૩એન-૨ ઘાતક બની રહ્યો છે,**

## પુડુચેરીમાં ધોરણ ૧થી ૮ સુધીની સ્કૂલો આગામી ૧૦ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય

નવીદિલ્હી,તા.૧૫

દેશમાં કોરોના મહામારી બાદ હવે એક નવા વાયરસે ચિંતા વધારી દીધી છે. દેશના કેટલાક રાજ્યોમાં એચ-૩એન-૨ વાયરસથી સંક્રમિત કેસોની સંખ્યા વધી રહી છે.

આ વધી રહેલા કેસોથી સાવધાની રુપે પગલા લેવામાં આવી રહ્યા છે. આ માટે દેશના કેટલાક રાજ્યોમાં સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. બીજી તરફ કેટલાક રાજ્યોમાં સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે.

દેશમાં વધી રહેલા એચ-૩એન-૨ કેસોથી રાજ્ય સરકારોની ચિંતામા વધારો કર્યો છે. આ વધતા કેસોને ધ્યાનમાં રાખીને કેટલાક રાજ્યો દ્વારા સ્કૂલ બંધ રાખવાના નિર્ણયો પણ લીધા છે. પુડુચેરીમાં ધોરણ ૧થી ૮ સુધીની સ્કૂલો આગામી ૧૦ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ પહેલા પુડુચેરીના શિક્ષણ મંત્રી નમાસ્સિયમે જણાવ્યુ હતું કે ચેપી વાઈરસને કારણે ૧૦મી માર્ચથી ૨૬મી માર્ચ સુધી સ્કૂલ બંધ રહેશે.

દિલ્હીની હોસ્પિટલમાં કેસોમાં વધારો થઈ રહ્યો છે. ડૉક્ટરે જાણકારી આપી છે કે આ વાયરસથી તાવ, શરદી અને શરીરમાં દર્દ જેવા લક્ષણો જોવા મળે છે. જો કે કેટલાક મામલામાં સતત સુકી ઉધરસ થાય છે જેનાથી દર્દીને ખુબ જ નબળાઈ આવી જાય છે. ડૉકટરોએ જણાવ્યું હતું કે આવી ફરિયાદો સાથે ઓપીડીમાં આવતા દર્દીઓની સંખ્યામાં લગભગ ૧૫૦ ટકાનો વધારો થયો છે. ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલના સલાહકાર ડૉક્ટરે જણાવ્યુ હતું કે ઋતુ પરિવર્તન, વાયરસના પરિવર્તનને કારણે વધતા કેસોના સંભવિત કારણો સમજાવ્યા હતા.

ગોવા સરકારે એચ૩એન૨ને કેસોને લઈને એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કર્યુ છે જેમા આ ઝડપથી ફેલાઈ રહેલા વાયરસ વિશે ચર્ચા થઇ હતી રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીએ આ વાતની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે સરકાર કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયના નિર્દેશનું સખત પાલન થાય તે સુનિશ્ચિત કરશે.

## પુણેમાં એચ-૩એન૨નો ખતરો ! નાના બાળકોમાં વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે,૧૭ ટકા સેમ્પલ પોઝિટિવ

પુણે,તા.૧૫

દુનિયા હજુ સુધી કોરોના સંકટમાંથી બહાર આવી નથી ત્યાં વધુ એક એચ-૩એન૨ વાયરસનું સંકટ મંડરાઈ રહ્યું છે. છેલ્લા બે મહિનાથી એક નવો વાયરસ તબાહી મચાવી રહ્યો છે. હવે મહારાષ્ટ્રમાં, ખાસ કરીને પુણે જિલ્લામાં 'ઈન્ફ્લુએન્ઝા છ' સંબંધિત વાયરસનો પ્રકોપ ઝડપથી વધી રહ્યો છે. આ એચ-૩એન૨ વાયરસના કારણે મોટી સંખ્યામાં દર્દીઓ ઉધરસ-શરદી અને તાવથી પીડાઈ રહ્યા છે. ખાસ કરીને બાળકો પર તેની અસર ઝડપથી વધી છે. હોસ્પિટલોમાં આઈસીયુ વોર્ડ બાળકોથી ઉભરાયા છે.ખાસ કરીને પાંચ વર્ષથી નીચેના બાળકોમાં તેના ઝડપી પ્રસારને કારણે તબીબો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આપને જણાવની દઈએ કે, હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં બાળકો દાખલ થઈ રહ્યા છે. કોરોનાની જેમ આ વાયરસની પણ કોઈ દવા નથી.ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ આ વાયરસ અંગેના આંકડા જાહેર કર્યા છે.ડેટા અનુસાર, પુણે શહેરમાં ૨૫૨૯ નમૂના પરીક્ષણો કરવામાં આવ્યા હતા. જેમાંથી ૪૨૮ સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. એટલે કે, હાલમાં પુણે જિલ્લામાં વાયરસ પોઝિટિવ જોવાનો દર ૧૭ ટકા છે. ફેબ્રુઆરીના અંતમાં એચ-૩એન૨ ચેપ 'ઈન્ફ્લુએન્ઝા છ' વાયરસમાં સૌથી વધુ જોવા મળ્યો હતો. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના નિષ્ણાત ડૉ. વર્ષા પોતદાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર આ નમૂનાઓના લક્ષણો પુણે જિલ્લામાં વધુ જોવા મળી રહ્યા છે.

## પંજાબમાં ગન કલ્ચર સામે સીએમ માન મોટી કાર્યવાહીની તૈયારી, ૮૧૦૦ લાયસન્સ રદ થશે

### પંજાબમાં ભારતની ૨ ટકા વસ્તી છે પરંતુ દેશની ૧૦ ટકા બંદૂકો તેની પાસે છે

ચંડીગઢ,તા.૧૫

પંજાબ પોલીસ ટૂંક સમયમાં ગન કલ્ચર સામે મોટુ પગલું ભરવા જઈ રહી છે. ૮૧૦૦ જેટલા હથિયાર લાયસન્સ રદ કરવાની તૈયારી છે. પોલીસે ભૂતકાળમાં ૮૧૩ લાયસન્સ રદ કર્યા હતા અને ૧૪૬૦ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સિવાય ફિલ્મો, ગીતો કે સોશિયલ મીડિયામાં હથિયાર દર્શાવનારાઓ સામે ૧૭૦ કેસ નોંધાયા છે.

પોલીસની આઈટી ટીમ સોશિયલ મીડિયા પર ચાંપતી નજર રાખી રહી છે. આઈજી (હેડક્વાર્ટર) સુખચૈન સિંહ ગિલે મંગળવારે એક વાતચીતમાં જણાવ્યુ હતુ કે કોઈને પણ નિયમો તોડવા દેવામાં આવશે નહીં. દરેક વ્યક્તિએ હથિયારો અંગે સરકાર દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનુ પાલન કરવુ પડશે.ગાયક સિદ્ધુ મૂસેવાલા, શિવસેના નેતા સુધીર સૂરીની હત્યા બાદ પંજાબ સરકારે લગભગ બે મહિના પહેલા હથિયારોની ચકાસણી શરૂ કરી હતી. આ સિવાય શસ્ત્રોના જાહેર પ્રદર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઈન્ટરનેટ મીડિયા પર પણ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ગન હાઉસ પર પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. દર ત્રણ મહિને તેની તપાસ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. આ ચકાસણી જિલ્લા કક્ષાએ ચાલી રહી છે.તપાસમાં બહાર આવ્યુ છે કે જે લોકોના લાયસન્સ રદ અથવા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમાંથી મોટાભાગના લોકોએ હથિયાર મેળવવા માટે નકલી સરનામા આપ્યા હતા. ઘણા એવા છે જેમણે નિયમોમાં સુધારા બાદ હથિયારો સરેન્ડર કર્યા નથી. હથિયાર લાયસન્સના નિયમો બદલાયા છે. લાયસન્સ ધારક માત્ર બે હથિયાર રાખી શકે છે પરંતુ કેટલાક લોકોએ અત્યાર સુધીમાં ૩-૩ હથિયાર રાખ્યા છે. આવા લોકોના લાઈસન્સ રદ કરવામાં આવી રહ્યા છે.પંજાબમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ગન કલ્ચર ઝડપથી વધ્યુ છે. પંજાબમાં ભારતની ૨ ટકા વસ્તી છે પરંતુ દેશની ૧૦ ટકા બંદૂકો તેની પાસે છે. ગૃહ મંત્રાલયના રિપોર્ટ અનુસાર જાન્યુઆરી ૨૦૨૨ સુધી પંજાબમાં ૩.૯૦ લાખથી વધુ લાઈસન્સવાળી બંદૂકો છે. પંજાબમાં લગભગ ૫૫ લાખ પરિવારો છે અને ૩ લાખ ૯૦ હજારથી વધુ હથિયાર લાયસન્સ છે. બીજી તરફ પંજાબમાં ૭૦થી વધુ ગેંગ સક્રિય છે અને અહીં ૫૦૦થી વધુ ગેંગસ્ટરો છે. ગેંગના મોટા ભાગના આગેવાનો વિદેશ કે જેલમાં છે. બંને જગ્યાએથી આ ગુંડાઓ ગુનાનુ નેટવર્ક ચલાવે છે.

## તંત્રી સ્થાનેથી...

# બેવડો આનંદ




*ભારતીય સિનેમાના ઈતિહાસમાં ખરેખર આ ઐતિહાસિક ક્ષણ છે, જ્યારે બહુચર્ચિત તેલુગૂ ફિલ્મ આરઆરઆરના અત્યંત લોકપ્રિય ગીત નાટૂ નાટૂ (નાચો નાચો) અને હાથીઓ તથા તેમની દેખરેખ કરનારા પર કેન્દ્રિત એક ભારતીય ડોક્યુમેન્ટ્રી ધ એલીફન્ટ વ્હિસ્પરને અલગ-અલગ શ્રેણીઓમાં ઓસ્કર પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. એવું પહેલી વાર બન્યું કે ભારતીય પરિવેશ, જીવન દર્શન અને સંગીત પર આધારિત બે એન્ટ્રીને અકાદમી એવોર્ડ્સની બે શ્રેણીઓમાં ઓસ્કર એવોર્ડ મળ્યા હોય. સિનેમાના વૈશ્વિક ફલક પર મળેલ આ શાનદાર ઉપલબ્ધિઓએ નિશ્ચિત રૂપે દરેક ભારતીયને ખુશ થવાનો અવસર આપ્યો છે. વાસ્તવમાં પ્રયોગધર્મી ફિલ્મકાર એસએસ રાજામૌલીની ફિલ્મ આરઆરઆરના આ ગીતે આ જ વર્ષે પ્રતિષ્ઠિત ગોલ્ડન ગ્લોબ એવોર્ડ જીતીને પહેલાં જ પોતાની પ્રતિષ્ઠા સ્થાપી દીધી હતી. એમ તો આ ફિલ્મ ૨૦મી સદીની શરૂઆતના સમયના બે દક્ષિણ ભારતીય ક્રાંતિકારીઓ અલુરી સીતારામ રાજુ અને કોમુરમ ભીમની કાલ્પનિક દોસ્તી અને ઉપનિવેશિક શાસનના વિરુદ્ઘ તેમના સંઘર્ષ પર કેન્દ્રિત છે, પરંતુ આ ફિલ્મનું ચંદ્રબોઝ દ્વારા લિખિત અને મશહૂર સંગીતકાર એમએમ કીરાવાની દ્વારા સંગીતબદ્ઘ ગીત, ફિલ્મના નાયકો રામચરણ અને જુનિયર એનટીઆરના અદ્ભૂત નૃત્યને કારણે પહેલાં જ મશહૂર થઈ ચૂક્યું હતું.*

*ઓરિજિનલ સોંગ શ્રેણીમાં ઓસ્કર જીતનારા નાટૂ નાટૂ ગીત પર આ બંનેએ જે તાલમેલ સાથે નૃત્ય કર્યું છે, તેણે ભારતીય સિનેમાને નવી ઊંચાઈ પ્રદાન કરી છે. એવા સમયે જ્યારે દુનિયા રશિયા અને યુક્રેન યુદ્ઘથી આહત છે, આ ફિલ્મ આ નૃત્યના માધ્યમથી એક ગર્ભિત સંદેશ પણ આપે છે, જેને જોગાનુજોગ યુદ્ઘ શરૂ થતાં પહેલાં યુક્રેનની રાજધાની કીવમાં રાષ્ટ્રપતિ ભવન સામે ફિલ્માવવામાં આવ્યું હતું. આરઆરઆર સાથે ઓસ્કર જીતનારી ડોક્યુમેન્ટ્રી ધ એલિફન્ટ વ્હિસ્પરનું નિર્માણ ફિલ્મકાર કાર્તિકી ગોન્ઝાલ્વીસ અને ગુનીત મોંગાએ કર્યું છે, જે સંજોગોવશાત એક અન્ય દક્ષિણ રાજ્ય તમિલનાડુની એક સેક્ચુરીમાં થયેલ દુર્ઘટનામાં છૂટા પડી ગયેલા એક હાથીના બચ્ચા અન તેને પાળનારા એક પરિવાર પર કેન્દ્રિત છે, જે વન્યજીવ અને મનુષ્ય વચ્ચે એક સહજ સંબંધ અને સાહચર્યની વાર્તા દર્શાવે છે. સર્વોત્તમ ડોક્યુમેન્ટ્રીનો પુરસ્કાર જીતનારી આ કૃતિના મુકાબલે કેટલીય ચર્ચિત ડોક્યુમેન્ટ્રી હતી. પરંતુ પ્રકૃતિ અને જીવોના સહઅસ્તિત્વની ભારતીય અવધારણાને ચિત્રિત કરનારી આ ડોક્યુમેન્ટ્રીએ સફળતાની નવી કહાની લખી. આમ તો એકેડેમિક પુરસ્કારો મામલે ભારતીય સિનેમા પાસે અત્યાર સુધી થોડી ગણીગાંઠી ઉપલબ્ધિઓ જ છે, પરંતુ એમ કહેવાની જરૂર નથી કે આ બંને ફિલ્મોને ઓસ્કરમાં મળેલ સફળતા વૈશ્વિક સિનેમામાં ભારતીય સિનેમાની વધતી સ્વીકારોક્તિને જ દર્શાવી રહી છે, જેનાથી આવનાર સમયમાં આપણે ભારતીય ફિલ્મોમાં વધુ નવા પ્રયોગ જોવા મળી શકે છે.*

### કળિયુગનું હોંશિયાર અને હાજરજવાબી બાળક

એક શાળામાં આચાર્ય સાહેબને વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની ઈચ્છા થઈ કે, મારી શાળાનાં બાળકો કેવું ભણે છે અને કેવા ચબરાક છે. આચાર્ય ત્રીજા ધોરણનાં વર્ગમાં ઘુસી ગયાં. એ વર્ગમાં એક શિક્ષક બાળકોને રામાયણનો પાઠ સમજાવી રહ્યાં હતાં. આચાર્ય સાહેબે વર્ગમાં આવીને ભુરા નામના છોકરાને ઉભો કર્યો અને પૂછ્યું કે, ભગવાન શ્રી રામે વનવાસ જવા માટે કયો સમય નક્કી કર્યો હતો. ભુરાએ તાત્કાલિક જવાબ આપ્યો કે સર સવાનવ વાગ્યાનો. આચાર્યને આશ્ચર્ય થયું એથી પૂછ્યું તને કેવી રીતે ખબર પડી કે શ્રી રામે આ સમય રાખ્યો હતો. ભુરાએ કહ્યું સર આટલું સરળ તમે ના સમજી શક્યાં? આચાર્ય સાહેબે કહ્યું કે ના, એથી આજના કળિયુગી અને ચબરાક બાળકે કહ્યું કે 'વનવાસ' શબ્દને પાછળથી વાંચો તો ×સવાનવ× વંચાશે માટે સમજી જવાનું કે રામ ભગવાને વનવાસ જવાનો સમય સવાનવ રાખ્યો હશે. આચાર્ય શ્રી આ જવાબ સાંભળીને હેબતાઈ ગયાં. માટે જ કહેવત છે કે 'બુદ્ધિ કોઈના બાપની જાગીર નથી, ક્યારેક નાના બાળકો પણ મોટાને છક્કડ ખવડાવી દે છે'.

યોગેશભાઈ આર જોશી
હાલોલ

અહીં હવામાં ચક્કર છે,
અહીં દુવામાં ગળતર છે.
તમે ગમે તેટલું મથ્યા કરો,
એનું કયાં કોઇ વળતર છે?
જીવન ખાદી જેવું ખરબચડું,
કયાં કોઇ રેશમી અસ્તર છે??
એક પણ કદમ ચાલ્યા નથી,
પછી પગને શાનું કળતર છે??
મકાનનો પાયો ચણ્યા વગર,
ભૈ,સાત માળનું ચણતર છે!!
પ્રેમપ્લાંન્ટનું કોઇ લીકેજ છે,
બેવફાઈનું કેમ ગળતર છે??
હીરો ગણી નકશીકામ કર્યું,
કેવળ પથ્થર પર જડતર છે!!
માણસ મરણ પછી ભૂત થાય,
ભરત જીવતેજીવ ચળિતર છે??
ભરત વૈષ્ણવ
૧૫.૩.૨૦૨૩.

# પાણીની ટાંકી શરૂ ન કરાવી શકતા સાંસદને નારાજીનામું આપવા કે શોલે ફિલ્મના ઘર્મેન્દ્રની જેમ ટાંકી પર ચડવાનો અનુરોધ!!!!

આપણે આપણી ફરિયાદ( ફરિયાદ એટલે પત્ની સિવાયની ફરિયાદ સમજવું. પત્ની વિરુધ્ધની ફરિયાદોના નિકાલ માટે કોઇ જ મિકેવિઝન નથી. પત્ની વિરૂધ્ધની ફરિયાદ ફરિયાદ જ રહે છે અને કાયમ નિકાલ થયા વિનાની જ રહે છે!! પત્ની વિરુધ્ધની ફરિયાદનો અંત ન આવતા સાધુ, સંન્યાસી, બાવાની જમાત કૂદકે ને ભૂસ્કે વધતી જાય છે!!!બોલો પત્ની માત કી જય!!)ના ઉકેલ માટે ઓફલાઈન કે ઓનલાઇન રજૂઆત કરીએ છીએ. સિટિઝન એપમાં ફરિયાદ કરીએ છીએ. "ફરિયાદ પઢ પઢ જગ મુઆ ,ફરિયાદ કો નિકાલ ન હૂએ " મહાનગરપાલિકા કે ગામ પંચાયતની ચોક્કસ સ્થળે રાખેલ પેટીમાં ફરિયાદમાં નાંખીએ છીએ. ક્યારેક ફરિયાદ મેળા પણ યોજીએ છીએ. લોકસંવાદ, સ્થળ પર પ્રશ્નોનો નિકાલ, જનતા દરબાર આવા કેટલાય રેપરમાં ફરિયાદો નિકાલ કરવાનો દાખડો કરીએ છીએ. કેટલાક વરસો પહેલાં સરકાર તમારા દ્વારે કાર્યક્રમ પણ યોજાતો હતો.

ફરિયાદ,શિકાયત,રાવ, ગિલાશિકવા,રજૂઆત, અરજ,કહેવામાં આવે છે.ફરિયાદને અંગ્રેજીમાં ગ્રિવન્સ કહે છે. ફરિયાદના નિકાલ માટે ગ્રિવન્સીસ રિડ્રેસલ સિસ્ટમ હોય છે. ફરિયાદ માટે પીજી પોર્ટલ, સ્વાગત વગેરે પ્રકારના પોર્ટલ હોય છે. બેંકોમાં ફરિયાદ માટે ચોક્કસ વ્યવસ્થા હોય છે. બેંક દ્વારા ફરિયાદ નિકાલ કરવામાં ગરબડ થાય તો બેંક ઓમ્બુડઝમેન હોય છે. મોટાભાગે નિવૃત થયેલ અધિકારી કે નિવૃત જજના પનર્વસવાટ માટે ઓમ્બુડઝમેન નીમવામાં આવે છે!! જેમાં ગાય દોહીને સાપ, કૂતરા કે વરૂને દૂધ પિવડાવવા જેવું થાય છે!!!ભ્રષ્ટાચાર માટે એસીબી કે સીવીસી કે જીવીસી હોય છે. જે ફરિયાદ મળ્યેથી એકશન મોડમાં આવે છે. કેટલાક રાજયોમાં વિજિલન્સને કોર્ટ જેટલી સતા આપવામાં આવે છે. આ બધી વાતોમાં લોકપાલ કેમ ભૂલાય?? મહાત્મા ગાંધીજીના વ્હેમમાં જીવતા અન્નાએ લોકપાલના કાયદા વિશે ગામ ગાંડું કરેલ. અડધી રાતે સંસદના દરવાજા ખોલી લોકપાલ કાયદો પસાર કરાવેલ. લોકપાલની જગ્યા ક્યારે પણ ભરવામાં આવી નથી. છતાં પેલા નકલી ગાંધીના પેટનું પાણી હલતું નથી. અલબત, અન્નાના અંતરાત્માને સાપ સુંધી ગયો છે. શક્ય છે કે રેવડી આરોગીને તેનો મીણો ચડ્યો હોય તેમ લાગે છે.પ્રેમી પ્રેમમાં ઉન્મત થઈને પ્રેમિકાને ઈમ્પ્રેસ કરવા ચાંદ તારા તોડવાનું વચન આપે છે. પરંતુ, એ ડફોળને પૃથ્વી અને ચંદ્ર તેમ જ તારા અને ચંદ્ર વચ્ચેનું અંતર કેટલું છે? અવકાશયાનમાં ભરવાના પેટ્રોલના એક લિટરના કેટલા રૂપિયા થાય કે અવકાશયાનના આવવા જવાની ટ્રીપ કેટલામાં પડે? ચાંદ તારા તોડીને અવકાષયાનનાં લોડ કરી પ્રેમિકાને ગિફ્ટ રેપરમાં પેક કરી ક્યારે આપવા તેની પણ ખબર નથી.એ તો પ્રેમમાં ઘેલો થઇ ગયો છે, બસ!!લોકોની ફરિયાદમાં એવું પ્રગલ્લભપણું હોતું નથી.

પ્રજાની ફરિયાદ લાંબા દામ્પત્યના લીધે પ્રેમમાં પડતા ખાડા જેમ રોડના ખાડા, પ્રેમિકાની જેમ ઊભરાતી ગટર,નસીબની જેમ લબુકઝબુક સ્ટ્રિટ લાઇટ, દહેજની ગંજાવર માંગણી જેવી કચરાના પહાડો, બ્રેકઅપ થયેલા પ્રેમીના ભગ્ન હ્દય જેવી તૂટેલી ફૂટપાથ , વધેલ પ્રોપર્ટી ટેકસ, ગટર વેરો રખડતા ઢોરો, વગેરે વગેરે ફરિયાદ હોય. .આમ, તો ફરિયાદોનું સ્થાન કચરાપેટી કે શ્રેડર મશીનમાં કપાવાનું હોય!! હું તો કાગળિયા લખી લખી થાકી કાનુડા તાકા મનમાં નંથી ગીત પંક્તિ ફરિયાદની પરિસ્થિતિને આબેહૂબ વર્ણવે છે. ભગવદ ગીતામાં ફરિયાદીને ફરિયાદના ફળનું ચિંતા કર્યા વિના ફરિયાદ કરવામો ભગવાન કૃષ્ણે આપ્યો છે! કવિવર રવિન્દ્રનાથ ટાગોર જ્ઞાત ફરિયાદીની દશાની વાસ્તવમાં અવદશા વિશે હતા.એટલે જ ગગનભેદી અવાજે હાકલ કરે છે કે એકલો (ફરિયાદી) જાને રે એકલો જાને રે!!! અલબત, એકલા જનારનું ભાગ્ય પણ એકલું જ રહે છે!! કોઇ કવિએ સાચે જ કહ્યું છે કે ફરિયાદનો માર્ગ છે, શૂરાનો નહીં કાયરનું કામ જોને!! કેટલાક ફરિયાદી કે જેને વ્હીસલ બ્લોઅર કહે છે. જેમણે વ્હીસલ વગાડી અને રેઢિયાળ તંત્રની બેદરકારીના લીધે તેમનું નામ ગુપ્ત રાખવાનો બદલે વટાણા વેરી નાંખ્યા!!જેને પરિણામે વ્હીસલ બ્લોઅરની વ્હીસલ વિસરાઇ ગઇ!!!આપણી સિસ્ટમ એવી છે કે જેના સામે ફરિયાદ કરી હોય તેની પાસે ફરતી ફરતી તપાસ માટે પહોંચે છે. આ જેવીતેવી સિધ્ધિ નથી. વ્યકિત પોતાની સામેના આરોપમાં જજ બની ખુદને બા ઈજ્જત બરી કરીને ન્યાયના ઉચ્ચતમ માપદંડો પ્રસ્થાપિત કરે છે. ભાઉ બહુ આકરી કસોટી કે કામ છે!! એને બિરદાવવા જ રહ્યા!!!આપણા જેવા સામાન્ય પ્રજાની નાનીમોટી ફરિયાદોનો ઉકેલ ન આવે એ સમજી શકાય. પણ ધારાસભ્ય કે સંસદ સભ્ય જેવાની ફરિયાદોનો ઉકેલાય નહીં એમ કહીએ તે દસ રિચર સ્કેલનો ધરતીકંપ આવે કે નહીં??? ધરતીકંપ પણ આવે અને આફટર શોક પણ આવે!! આવડા મોટા સ્થાને હોય અને શેક્યો પાપડ ભાગી ન શકે કે સળી ભાંગીને બે કરી ન શકે તો તેમના પદ, પ્રતિષ્ઠા વિશે શું કહેવું??( ઢાકણીમાં પાણી લઈને ડૂબી મરવાનું કહી શકાય!!!)

ઉતર પ્રદેશમાં બે ટર્મથી સાંસદ છે.તેઓ પરિવારવાદનું ફરંજદ છે. તેમના પિતા પણ ચાર ટર્મ સાંસદ હતા. લગભગ વીસ વરસથી બળદ-વાછરડા સોરી પિતાપુત્રની જોડી એમપી છે!!!અન્ય પક્ષોને પરિવારવાદી કહેતાં સાહેબને ખુદના દળ પર કેમેરો લગાવવા કે બિલોરી કાચ માંડવાનો સમય મળતો નથી. દિલ્હી અને લખનૌમાં ડબલ એન્જિનની સરકાર છે. અધૂરામા પૂરું પનઘટની સંકલ્પનાને ખત્મ કરવા માટે નલ સે જલની યોજના અમલમાં છે.( અલ્યા ભાઇ, નળમાંથી કાં તો પાણી નીકળે કે કાં તો હવા નીકળે!! નળમાંથી પેપ્સી કે પિત્ઝા ન નીકળે!!) આ સાંસદ મહાશય તેમના ઘર સામેની પાણીની ટાંકી ચાલુ કરાવી શકતા નથી.વીસ વરસથી તૈયાર થયેલી ટાંકીમાં એક પાણીનું ટીપું પડ્યું નથી. પરંતુ, ગામજનોના આંસુ ( અસલી આંસુ. ફિલ્મના અભિનેતા કે અભિનેત્રી ગ્લિસરીન લગાવીને આંસુ પાડે તેવા નકલી આંસુ નહી. અલ્યા ભાઇ મગરના આંસુ પણ નહીં!!) હવે તો ટાંકી પડીને પાદર થઇ હશે!! આટલું નાનું કામ કરાવી ન શકતા સાંસદ પાસે બે જ વિકલ્પ છે. એક તો ચૂપચાપ (ના) રાજીનામું આપી ભૂતપૂર્વ સાંસદનો દરજ્જો મેળવી લે. અને સેકન્ડ ઓપ્શન ?? સાંસદને શૌલેના ઘર્મેન્દ્ર જેન ટાંકી પર ચડી જઇને ટાંકી ચલાવવાનો ખેલ પાડી દે !!!


ભરત વૈષ્ણવ
૧૫.૩.૨૦૨૩.

**★માનસ સદગુરુ★ ★મહેશ એન શાહ★ દિવસ-૫ તારીખ-૧૫ માર્ચ.**

# તપ વગર ક્યારેય તેજ નહીં આવે અને તેજ વધશે તો તમસ ખતમ થઇ જશે. તમસ ઘટતા જ તત્વનો પરિચય થવા માંડશે

## ઉત્તર કાંડ વિશ્વની સમસ્યાઓનો પ્રત્યુતર છે

પાંચમા દિવસની કથામાં શિવને ધ્યાનમાં રાખીને તેમના સ્વભાવનું વર્ણન થયું.શિવજી ત્રિભુવન ગુરુ સદગુરુ છે તો એમનું સ્વરૂપ પણ આપણે જોઈશું. ઋગ્વેદનો એક મંત્ર છે જયાંથી પ્રવેશ થયો.આ વેદ મંત્રનો સીધો સાદો અર્થ એ છે કે જે સતત જાગૃત છે એની પાસે વેદની ઋચાઓ યાચના કરવા આવે છે. એનું સાનિધ્ય ઋચાઓ ઈચ્છે છે.જે જાગૃત છે એને કોઈ કામના કરવી પડતી નથી.જાગૃત પુરુષ નિષ્કામ અકામ અને પૂર્ણકામ થઈ જાય છે.જે જાગૃત છે એને સોમની પ્રાપ્તિ થાય છે.પરમ તત્વ સખ્ય- સખાભાવથી એને મળે છે.બુદ્ધપુરુષ એ છે જે નિરંતર જાગૃત છે.આપણે ઘરમાં હોઈએ તો પણ સૂઈ જઈએ છીએ.બહાર જઈએ કોઈ વાહનમાં ક્યાંય પણ આપણે સૂવું પડે છે.મહાદેવ નિરંતર જાગૃત છે.ચાર અવસ્થાને ચાર સ્વરૂપ સાથે પણ જોડી શકાય છે.એક છે જાગૃત અવસ્થા એટલે કે જાગૃત સ્વરૂપ.બીજી સ્વપ્ન અવસ્થા એનો અર્થ અહીં છે સપનું એટલે કે આગળનું જોવું એ-વિઝન છે.નારદ ત્રિકાળ જ્ઞાની અને સર્વજ્ઞાતા છે છતાં પણ નારદની ગતિ સર્વત્ર છે તો મહાદેવનું તો કહેવું જ શું! બાપુએ કહ્યું કે ત્રણ ધારાઓ છે: રાજર્ષિ,બ્રહ્મર્ષિ અને દેવર્ષિ. રાજર્ષિની કામના એ હોય છે કે પરમાત્મા પાસે ધનદોલત માગે છે પોતા માટે નહીં પણ સેવા



માટે.બ્રહ્મર્ષિ પરમાત્મા પાસે વિચાર માંગે છે અને દેવર્ષિ પૈસા કે વિચાર નહીં પરંતુ ઘરે ઘરે જઈ અને પરમાત્માના ગુણ ગાન ગાવાનું માંગે છે.તપ વગર ક્યારેય તેજ નહીં આવે અને તેજ વધશે તો તમસ ખતમ થઈ જશે. તમસ ઘટતા જ તત્વનો પરિચય થવા માંડશે.

સદગુરુની સુષુપ્તિ અવસ્થાનો અર્થ છે પાયો પરમ વિશ્રામ. કબીર સાહેબે સદગુરુની વ્યાખ્યા કરી છે:ડોલત ડીગે નહિ,ન બોલત ખિસકે-એટલે કે સદગુરુ ડોલે છે પરંતુ ડગી જતો નથી તેને કોઈ સ્ખલન થતું નથી. આપણે બુદ્ધપુરુષને પથ્થર બનાવી દઈએ છીએ.એ સકલકલા ગુણધામ છે જીવતા હોય ત્યારે જ એની મૂર્તિ કરી દઈએ છીએ. બાપુએ કહ્યું કે આંતરિક સ્વરૂપ એ એકાંકીપણું છે એકાંતમાં જ આખી મહેફીલ છે.સદગુરુ નિસ્પૃહ હોય છે.સદગુરુ શાંત હોય છે રૂપ અનેક હોય જે બાહ્ય હોય છે પરંતુ સ્વરૂપ એક જ હોય છે.શિવના અનેક રૂપ છે પણ એકમાત્ર સ્વરૂપ:

★સંકર સહજ સરૂપ સંભારા;★
★લાગી સમાધિ અખંડ અપારા.★

રુદ્રાષ્ટકમાં પણ સ્વરૂપ વિશે સંકેત છે.રામચરિત માનસ એ પુસ્તક નહીં પણ મસ્તક છે.આ સાત કાંડનું શરીર જેમાં બાલકાંડ અને અયોધ્યાકાંડ બે આંખો છે.અયોધ્યાકાંડ અને કિષ્કિંધાકાંડ એ નાસિકા પુટ છે.સુંદરકાંડ અને લંકાકાંડ કર્ણ કાન છે અને મુખ છે૦ ઉત્તર કાંડ.આપણું મસ્તક સાતે સોપાનો લઈને ઘૂમી રહ્યું છે.કોઈ એવું કહે કે સાતેય સોપાનમાંથી એક-એક સોપાન છીનવી લઈએ તો? બાલકાંડ,અયોધ્યા... એક પછી એક કાંડ તમે છીનવી લઈ શકો પણ ઉત્તર કાંડ ન લઈ લેતા કારણ કે ઉત્તર કાંડ વિશ્વની સમસ્યાઓનો પ્રત્યુતર છે. સદગુરુ ચિંતા ઈર્ષા નિંદાથી મુક્ત હોય છે. સદગુરુ બાળક જેવો હોય છે.આ શિવજીના વચન છે. શિવજીનો સ્વભાવ,તેનું સ્વરૂપ,સિવાય શિવજીનું સ્વધામ અને સ્વધર્મ પણ આપણે જોઈશું આજે કથામાં અતિશય પવનના તોફાનને કારણે કથાને વહેલો વિરામ આપવામાં આવ્યો.

★દ્રષ્ટાંત કથા:★

એક બાઉલ હતો. એ એરંડાના તેલથી પોતાનો દીવો સળગાવતો હતો.બાપુએ કહ્યું કે:

અભાવના ઐશ્વર્યની આ વાત છે;
પથ્થરો વચ્ચે ખીલેલી જાત છે.

કોઈએ બાઉલને કહ્યું કે બહાર ખૂબ જ હવા વહી રહી છે કોઈક કાચ કે ચીમની રાખો નહીં તો દીવો ઠરી જશે.વારંવાર કહેવામાં આવ્યું છતાં પણ કહ્યું કે એરંડિયાનો દીવો આમ જ સળગાવવો છે.અંતે પૂછ્યું કેઆવું કરવાનું પાછળ તમારો કયો વિચાર છે? ત્યારે બાઉલ કહે છે કે આને હું ચીમની કાચ લગાડીશ તો દીવો થોડોક ધૂંધળો થઈ જશે. આપણા દિલનો દીવો ધૂંધળો ન થાય એ માટે ગામે-ગામ જઈ અને કીર્તન કરીએ છીએ.

★કથામંત્ર:★

★યો જાગાર તમઋચ: કામયન્તે યો જાગાર તમો★
★સામાનિ યંતિ યો જાગાર તમયં સોમ આહ★ ★તવાહમસ્મિ સખ્યે લોકા:★

# મૉલના સિક્યૉરિટી ગાર્ડે રાજ ઠાકરેના પક્ષની ટોપી અને ટી-શર્ટ પહેરીને ગયેલા યુવકને રોકતાં વિવાદ

મુંબઇ,તા.૧૫

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને અડીને ગોરેગામમાં આવેલા ઑબેરૉય મૉલમાં સોમવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. રાજ ઠાકરેના પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના સિમ્બૉલવાળી ટોપી અને ટી-શર્ટ પહેરીને મૉલમાં પ્રવેશી રહેલા એક યુવકને મૉલના સિક્યૉરિટી ગાર્ડે રોક્યો હતો. રાજકીય પક્ષના સિમ્બૉલ સાથે મૉલમાં પ્રવેશવાની બંધી કરવામાં આવી હોવાનું સિક્યૉરિટી ગાર્ડે કહેતાં એમએનએસના કાર્યકરો મૉલમાં પહોંચી ગયા હતા અને આ બાબતનો વિરોધ કર્યો હતો. વિરોધને પગલે સિક્યૉરિટી ગાર્ડે માફી માગતાં મામલો થાળે પડ્યો હતો.

એમએનએસનો એક કાર્યકર સોમવારે ઑબેરૉય મૉલમાં પ્રવેશ કરી રહ્યો હતો ત્યારે અહીંના સિક્યૉરિટી ગાર્ડે તેને રોક્યો હતો. રાજકીય પક્ષના સિમ્બૉલવાળાં કપડાં અને ટોપી પહેરીને પ્રવેશવાની બંધી હોવાનું ગાર્ડે કહેતાં કાર્યકરે એમએનએસના દિંડોશી વિધાનસભા વિભાગના અધ્યક્ષ ભાસ્કર પરબને જાણ કરતાં તેઓ કેટલાક કાર્યકરો સાથે ઑબેરૉય મૉલ પર પહોંચ્યા હતા. તેમણે મૉલના સંચાલકોને સવાલ કર્યો હતો કે 'તમે મૉલમાં ટોપી અને ટી-શર્ટ વેચો છો તો કોઈ વ્યક્તિ રાજકીય પક્ષની ટોપી અને ટી-શર્ટ પહેરીને કેમ ન આવી શકે? તમને શું પ્રૉબ્લેમ છે? ટોપી જોખમી છે?'આ સાંભળીને મૉલની સિક્યૉરિટી સંભાળતા ટૉપ સિક્યૉરિટી ગાર્ડના સુપરવાઇઝરે ભૂલ થઈ હોવાનું કહ્યું હતું અને જે ગાર્ડે એમએનએસના કાર્યકરને પ્રવેશતાં રોક્યો હતો તેણે માફી માગી હતી.





**પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી તીર્થભદ્ર સુરીશ્વરજીના પાવન સાનીધ્યમાં જળ, જમીન, જગંલ, જનાવર ની સુખાકારી માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજનનો ચેન્નાઈ ખાતે કાર્યાલયનો શુભારંભ કરાયો.**

પ.પૂ આચાર્ય ભગવંત શ્રી તીર્થભદ્ર સુરીશ્વરજીના પાવન સાનીધ્યમાં જળ, જમીન, જન, જંગલ, જનાવર ની સુખાકારી માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજનનો ચેન્નાઈ ખાતે કાર્યાલયનો તા. ૧૨ માર્ચ, રવીવારનાં રોજ શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહે જણાવ્યું હતું કે ભારતના તમામ મુખ્ય શહેરોમાં સંસ્થાનું કાર્યાલય ખોલવાનો અમારો ધ્યેય છે. સમગ્ર ભારતમાં સંસ્થાની પ્રવૃતિઓ ઉજાગર થાય અને સંસ્થાને વધુ સેવા કરવાની તક મળે તે સંસ્થાનો મુખ્ય ધ્યેય છે.



**ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૨૩-૨૪ ની બજેટની મંજૂરી અંગેની "સામાન્ય સભા" મળી. જેમાં નગરજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા જેવા વિવિધ મુદ્દાઓને પ્રાધાન્ય આપીને નવીન જોગવાઈઓને મંજૂરી આપવામાં આવી. અમૃતકાળમાં આ ઐતિહાસિક આ ૯૫૦ કરોડના બજેટથી ગાંધીનગર સમૃદ્ધિની હરણફાળ ભરશે.**

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No-106**
**NOG-સાહિત્ય સરિતા-ગ્રુપ**
વિષય-સમજણ
પ્રકાર-ગદ્ય
શીર્ષક-"મૌનમ્ પરમ્ ભૂષણમ્"
શબ્દ-૨૯૦

તમે કેટલા સાચા છો? અને કેટલા ખોટા?એક તમે જાણો છો,બીજો તમારો ભગવાન.

મને બધું આવડે. સ્મ્છ

તમે સમજ્યાને?

★સમજણ★ એટલે

કોઈના દુઃખ,દર્દ,જરૂરિયાતની ભાષાને સમજવી અને સ્વીકારવી.

એક વખત,એક માણસ

દુકાનમાંથી ચોરી કરતાં પકડાણો.દુકાનદારે એવી રાડારાડ કરી નાખી કે વાત ના પૂછો!

ચોરની આસપાસ ગામલોકોનું ટોળું જમા થઈ ગયું!

એટલું જ નહિ,

આ"ચોર"ને જૂતાથી મારમારી,પોલીસ બોલાવી હાથમાં ’બેડીડસકલાં’ પહેરાવી જેલ ભેગો કર્યો. જેલમાં પહોંચતાં જેલરે ચોરની તપાસ કરતાં ખબર પડી, ચોરને ઘરે

ચાર બાળકો પત્નીને ચારદિવસથી ખાવા નહોતું. આ માણસ પાસે કાંઈ કામ નહોતું,અને પૈસા પણ નહોતા! એટલે બ્રેડની એક લૉફની ચોરી કરી!

છેવટે.જેલરે ચોરને ’ચા-પાણી-નાસ્તો કરાવ્યાં. ખાવાનું આપ્યું, પૈસા આપ્યા પછી,ચોરને નિર્દોષ છોડી દીધો,પોતાની ઑફિસના નોકર તરીકે કામ આપી દીધું’.

આ મામલામાં સમજણ કોનામાં દેખાણી?

રાડારાડી પાડવાવાળા દુકાનદારમાં? સમજ્યાવગર કોઈને,ગુનેગાર સમજનાર ગામલોકોમાં?

ચોરની સંપૂર્ણ તપાસ કરી,ચોરને પેટભરી ખવરાવી ,પૈસા આપી,બીજા દિવસે પોતાની જ ઑફિસ માં નોકર તરીકે નોકરી આપી.

બસ .. તો

સમજણ ગાડરિયો પ્રવાહ નથી.

સમજણ"મને બધું આવડે"(દ્વહ્લદ્ગ).

’સમજણ’ એટલે બીજાની તકલીફો સમજી

એની તકલીફોનું નિરાકરણ કરી-મદદ રૂપ થવું એને સમજણ કહેવાય.

એક બહેન સામાજિક રસમ્ સાચવવા હૉસ્પિટલ માં સગાંવહાલાંને મળવા જાય,ત્યાં શરૂ થઈ જાય પોતાનાં દુઃખ /દર્દની રામકહાણી કહેવા.

એક વ્યક્તિ,દુઃખી લોકોને મળે,પણ જે/તે વ્યક્તિને ડરાવવાની વાતો કરે!

આપણને "લાલબાઈ"નામની જીભડી બહુજ મુલાયમ દેખાય. આ ★મુલાયમતાના ચાબખાથી બીજાંઓને તકલીફ આપવાના બદલે ★મૌન★ રહી -પરિસ્થિતિને સમજીએ.નકારાત્મકતા ફેલાવતા દંભી-દેખાડો કરવાવાળાં લોકોથી દૂર રહી,પોતાની જાતને શાંત રાખીએ.

એજ ★સમજણ★.

થકી શાંતિ સુખ.

સમજુ માણસ ઘણું બધું જાણતો હોય છતાં અજાણની જેમ વર્તન કરતો હોય.

ના બોલવું, એની ★કમજોરી★નથી. ★મૌન રહેવું એજ એની ★તાકાત★ છે.

મુક્તિદા કુમાર
"રુપલી"
મુંબઈ - મહારાષ્ટ્ર

*******†**************************

**NOG SSG NO: 126.**
નામઃ મોહનભાઈ પરમાર "આનંદ "
વિષયઃ સાચી સમજણ
પ્રકારઃ ગદ્ય ( ચિંતન લેખ)
--------------------------------

સાચી સમજણ,

શરીર મન બુધ્ધિ અને ઈન્દ્રિયો દ્વારા સુખદુઃખની અનુભૂતિ થાય છે.

તમે મન દ્વારા સંકલ્પ વિકલ્પ કરો છો, બુદ્ધિ દ્વારા નિશ્ચય કરો છો. ચિત્ત માં રહેતા સંસ્કાર તમારા વિચારોનું પ્રેરક બળ છે.એ સાચી સમજણ છે.

તમે ગમે તેવી પરિસ્થિતિમાં કેમ ના હોય? તમારે એટલું સમજવાનું છે કે, હું કર્તા નથી, હું ભોક્તા નથી, જે થાય છે તે બધું પ્રકૃતિમાં થાય છે. પ્રાકૃતિક વસ્તુ વ્યક્તિને પરિસ્થિતિ બદલાય સ્વાભાવિક છે.પ્રયત્નો દ્વારા મનને જે અનૂકુળ છે તે સુખ રૂપ છે, પ્રતિકૂળ એ દુઃખ રૂપ છે, શરીર,મન બુધ્ધિ ,સમાજ બધું પ્રકૃતિમાં છે, તેમાંથી મળતું સુખ શાંતિ ક્ષણિક છે.

૧ .ભક્તિ ૨. યોગ ૩ .જ્ઞાન

તમે ભાવ સાથે ભગવાન સાથે જોડાયેલા રહી શરણાગતિ દ્વારા આત્મ નિવેદન કરો. બધાજ કર્મ પ્રભુ પ્રિતી માટે કરો ,તે ભક્તિ માર્ગ છે.તમે યોગ્ય ગુરુના માર્ગદર્શન દ્વારા, પ્રાણ સ્પંદનથી થતી પ્રત્યેક ક્રિયા પ્રભુને અર્પણ કરો, દેહને સાધન માની પરમાત્માને શરણે પ્રાણ અર્પણ કરો એ યોગ છે.પ્રાણ અનુસંધાન દ્વારા જીવનમાં રસાનુભૂતિ મેળવીએ એ યૌગિક સમજણ છે

જ્ઞાનમાર્ગની લાયકાત વૈરાગ્ય જેના મનમાં છે, તેઓ આત્મા અનાત્મા વિવેક દ્વારા બધામાં ભગવાન છે એમ સમજી બ્રહ્મ રૂપ થવું.એ જ્ઞાની પુરુષની સમજણ છે.

દરેક વ્યક્તિની દેશ ,કાળ ઉંમર, કૌટુંબિક સામાજિક આર્થિક સ્થિતિમાં પોતાની વ્યક્તિગત મનઃ સ્થિતિ શું છે,તેના પર પણ આધારિત હોય છે.એક બાળકની બુધ્ધિ યુવાન અને વૃદ્ધ કરતા

અલગ હોય છે,એક અભણ અને ભણેલાની સમજણમાં ફેર હોય છે. ભણતરમાં પણ જેણે ઉચ્ચ ભૂમિકાઓ પદવી પ્રાપ્ત કરી હોય

વ્યવહાર કુશળતા હોય અને કુશાગ્ર બુદ્ધિ દ્વારા તેની સમજણ વિકસે છે.

દરેક વ્યક્તિની પોતાની વ્યક્તિગત સમજણ, પોતાના સંસ્કાર,કર્મ અને ભણતર તથા અનુભૂતિ તથા વિવેકશક્તિ, સ્મરણશક્તિ અને

બૌદ્ધિક ક્ષમતા પર આધારિત છે.

આમ, માણસે પોતાના મનની કેળવણી અભ્યાસ સદગુણો અને

કાર્ય સિદ્ધિ તથા અનુભવો દ્વારા જીવનમાં સાચી સમજણ મેળવે છે.ફક્ત એકલું અક્ષર જ્ઞાન સમજણ નથી આપતું પરંતુ સારા ગુણો સંસ્કાર સિંચન અને વસુદેવ કુટુંબની ભાવના દ્વારા સહું માં

ઈશ્વર છે.સૌનુ કલ્યાણ થાય એવી ભાવના સાથે નું આચરણ એ સાચી સમજણ છે.સ્વાર્થનો ત્યાગ એ સાચો પરમાર્થ છે. પોતાની ફરજ ધર્મ ઈમાનદારી પૂર્વક બજાવતા સૌનું ભલું ઈચ્છતા રહો.એ સાચી સમજણ છે.

મોહનભાઈ પરમાર "આનંદ"

**********************************

**NOG SS No : 0089**
વિષય સમજણ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : જરુરી
પ્રવિણા કડકિઆ
———-

“ઝાડને પાંદડે પાણી પીવડાવવાનો કોઈ અર્થ ખરો?’’

એમ સમજણ જીવનમાં કેળવવી પડે. માતા પિતાના ઘરનું આંગણ તેમાં અગત્યનો ભાગ ભજવે છે. જનમજાત ગળથૂથીમાં “મા’’ ના ધાવણ દ્વારા પ્રાપ્ત થાય છે. જો જીવનમાં સુખ, શાંતિ જોઈતા હોય તો સમજણ ખૂબ જરુરી છે.

સમજણની ગાય “ સંયમ અને સમતા’’ જેવા વાછરડાં જણે.

આવ અને આદર ન હોય , જરુરી નથી ત્યાં ફરી જવું. સમજણ બંને પક્ષે હોય તો સોનામાં સુગંધ મળી હોય તેવો અહેસાસ જરુર થાય .

ભલે ભૂખ્યા હોઈએ , તપેલીમાં દાળ, શાક ઓછા હોય સમજુ વ્યક્તિ સંતોષનો ઓડકાર ખાઈ ફરી ન લે.

જીવનમાં જેમ શ્વાસની આવશ્યકતા છે તેમ “ સમજણ’’ ડગલેને પગલે જરુરી છે. તમે જ્યાં પણ જશો આદર પામશો.

હંમેશા સામાવાળી વ્યક્તિમાં સારું જોવાની આદત હશે તો જરુર તમે સમજણનો ખજાનો મેળવ્યો છે, એમ માનજો.

ભાતભાતના લોકો અને સંજોગોથી ભરપૂર આ જીવન સમજણની નાવમાં ધીરજના હલેસા હંકારી સરવામાં મદદ કરશે.

વિકટ પરિસ્થિતિ યા કપરા સંજોગોના સમયે સમજણ દીવાદાંડી બની રાહ બતાવવા સક્ષમ છે.

જીવનમાં સુખ સાહયબી તેમજ દુખના ડુંગરા , બંનેના અનુભવમાંથી પસાર થવાનો સમય સહુનો આવે છે. જરુરી છે સર્જનહારની કૃપા થાય અને સમજણ કેળવાય.

એક જીવન જીવવાનું છે. ફરિયાદ કરીને કશું પ્રાપ્ત થતું નથી.

સમજણ વિશે લખતાં થાકી જવાય! જે સહજ છે, સરળ છે . માત્ર કેળવવાનો પ્રયાસ અનિવાર્ય છે.

પ્રયત્ન સતત કરવાથી સફળતા મળશે એમાં શંકાને સ્થાન નથી .

**NOG SS નો : ૧૩૮**
વિષય : સમજણ
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- મારી સમજણ મુજબ

આજના ટેલિવિઝન, મોબાઈલ, કોમ્પ્યુટર, અને ઈન્ટરનેટના સમયમાં પુસ્તક પ્રત્યેની રૂચી ઓછી છે પરંતુ નહીવત્ નથી. અત્યારે પણ ઉત્તમ પુસ્તકો વાંચનારની ખોટ નથી. સારાં પુસ્તકોનું મહત્વ તો વધતું જ રહેવાનું છે. લોકમાન્ય તિલકે કહ્યું છે “હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે.’’

વાંચન એટલે ‘ગુડમેન’ કહે છે તે મુજબ ‘વાંચન મુદ્રિત શબ્દોના અર્થગ્રહણ વગર ઉચ્ચારણની પ્રક્રિયા છે.

વાંચનથી ઘણાં ફાયદા થાય છે. એટલે જ તો કલાપી કહે છે કે, ‘જીવીશ, બની શકે તો એકલાં પુસ્તકોથી.’ પુસ્તકો ૧. મગજ કસે છે. જેથી યાદશક્તિ વધે છે જેથી અલ્ઝાઈમર જેવા રોગોનું જોખમ ઘટે છે. ‘એડિસન’નું માનવું છે કે, કસરતથી જે લાભ શરીર ને મળે છે તેજ લાભ પુસ્તક નાં વાંચન થી મગજ ને મળે છે. ૨. વિકાસ થાય છે. ૩. જાણકારી વધે છે.જ્ઞાન વધે છે, શબ્દભંડોળ વિકસે છે, વ્યક્તવ્ય સુધરે છે. ૪. એકલતાનો સાથી છે. કાલ્પનિક દુનિયામાં જીવ જીવવા લાગે છે જેથી તણાવ દૂર થાય છે. ૫. મન પરિવર્તન કરે છે. ૬. શાંતિ ને આરામ મળવાથી સારી ઊંઘ આવે છે. ૭. સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

દર અઠવાડિયે ગુરુવારના રોજ અવનવાં પુસ્તકોનો પરિચય-સમીક્ષા થશે. જેમાં ભારતીય સાહિત્યના પુસ્તકો અને અન્ય અનુવાદિત પુસ્તક વિશે લખવા વિચાર કરેલ છે. પુસ્તકોની માહિતીથી પુસ્તક વાચન કરવા વાચકને ઈચ્છા થશે. આપ સોના સાથ સહકારની અપેક્ષા સાથે.

ભારતીબેન ઈશ્વરભાઈ વાઘેલા. એમ.એ.,એમ.ફીલ., (લોકસાહિત્ય – સરદાર પટેલ યુનીવર્સીટી, ડૉ.પરમ પાઠક) બી.એડ ને હાલ સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગરમાં પીએચ.ડી. કરી રહી છું. માર્ગદર્શક પ્રો.ડૉ.રાજેશ મકવાણા છે. મારો વિષય છે ‘ગુજરાતી દલિત કથાસાહિત્યમાં નારી છબિઃ એક અભ્યાસ’ (પસંદ કરેલ સર્જકોના સંદર્ભે)

**NOG SS No: 142**
પ્રકારઃ ગદ્ય
વિષય : સમજણ
શીર્ષક : અવળી રોટલી
★★★★★★★★★★★★★

★અવળી રોટલી★

સંસ્થાનો આ વિશાળ ડાઈનિંગ હોલ અહીંનો હુન્નરકક્ષ પણ છે. સીવણ, ખાટલીમાં કાથીનું ગૂંથણ, ચેસની રમત, કોમ્પ્યુટર, મોં વડે સોયમાં દોરો પરોવવો, બ્યુટી ટ્રીટમેન્ટ, ઘરનું નાનું મોટું રીપેરીંગ વગેરેની કેળવણી અહીં ચાલતી હોય. હાલ જમવાનો સમય હોવાથી બહારનો સંગીત ક્લાસ પણ બંધ હતો અને ક્રિકેટનું મેદાન પણ ખાલી હોઈ ત્યાંથી આવતાં મધુર અવાજ પણ હાલ વિરામ પામેલ.

આ વખતે મને જમ્યા વગર ત્યાંથી કોઈ નીકળવા દે તેમ નહોતાં. નાનકડાં ડાઈનિંગ ટેબલ પર મારી સામે મારાં પદ્મશ્રી મુક્તાદીદી હતાં.

"આજે રોટલીમાં કોણ કોણ છે?" દીદીનો અવાજ રસોડે પહોંચ્યો.

"બેન, આજે મધુ અને સરલા છે." અંદરથી જવાબ આવ્યો. બે સેકન્ડ કૈંક વિચારીને દીદી બોલ્યાં,

"આ મે’માનની રોટલી બીજું કોઈ બનાવજો."

"એ હા.."

અહીંની શું વ્યવસ્થા હશે એ હું જાણતી નહોતી તેથી મને મૌન રહેવું ઉચિત લાગ્યું. મારી થાળીમાં ગરમ રોટલી પીરસવા સંસ્થાનાં કોઈ બહેન આવ્યાં અને દીદી માટે રોટલી લઈને એક પ્રજ્ઞાચક્ષુ દીકરી આવી.

દીદીની થાળીમાં રોટલી પીરસીને એ દીકરી ત્યાં જ ઊભી રહી ગઈ. દીદી અણસાર પામી ગયાં,

"કોણ છે, સરલા લાવીને રોટલી?"

સરલા પીરસવા વાળી થાળીને બે હાથની અદબ વચ્ચે દબાવીને જરા ઊંચા જીવે બોલી, "હા".

દીદીએ થાળીમાંથી રોટલી હાથમાં લીધી. રોટલીને ગોળ ગોળ ફેરવતી વખતે તેની કિનારી, આકાર અને જાડાઈ તપાસીને બોલ્યાં,

"કિનારી કેમ કાચી છે? સાસરે જઈને આવી કાચી રોટલી ખવડાવશો ઘરનાંને? રોટલી ઉતરે કે તરત એને કોરે કોરે તપાસી લેવાની હોં." અવાજ ઘણો કડક હતો. દીકરી ફક્ત એટલું જ બોલી શકી ,

"ભૂલ થઈ ગઈ."

મારાં હાથમાં કોળિયો સ્થિર થઈ ગયેલો. આ શું ચાલતું હતું તે સમજાય એ પહેલાં બીજી દીકરી તેની બનાવેલી રોટલી લઈને દીદી પાસે આવી પહોંચી.ફરી એ જ ક્રમ. ઘી ચોપડાયેલી એ રોટલીને હાથમાં લેતાં જ દીદી ઠપકો આપતાં બોલી ઊઠ્યાં, "મધુ, તને અગાઉ શીખવાડ્યું હતું ને કે કઈ બાજુ રોટલી અવળી કે’વાય ને કઈ સવળી બાજુ કે’વાય? કેમ અવળી બાજુ ઘી ચોપડી દીધું, શીખતી વખતે ધ્યાન ક્યાં હોય છે?".

રોટલી બનાવનાર ને તપાસનાર બધાં જ તો અંધ હતાં તે છતાં આટલી ચીવટ ..? હું સાચે જ મને સામે જે દેખાતું હતું તે માની શકતી ન હતી. કેટલી ઉચ્ચ કક્ષાની આ કેળવણી હતી સેંકડો અંધ દીકરીઓને એક અંધ માતા તરફથી!

આ લોકોએ આંગળીનાં ટેરવાંઓ ઉપર કઈ સમજણ ઉગાડી દીધી છે કે જે અમારી દેખતી આંખોથી પણ સવાયું જોઈ શકે છે, સવાયું હુન્નર શીખે છે ને સો ગણા સવાયા સંઘર્ષો સામે જીતી જાય છે?

હું મારી સામે બેઠેલાં ગુરુમાતાને પૂજ્યભાવે વંદી રહી!

~ મનીષા મહેતા(ધરા)
૧૫/૩/૨૩

# કોટન-ખાંડીમાં ૧,૭૨૮ ખાંડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૨,૦૦૦ ખાંડીના સ્તરે

## પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧,૨૦૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૨૫૩૪ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૫ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૫,૧૧,૭૮૧ સોદાઓમાં કુલ રૂ.૪૩,૭૭૨.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧,૨૦૨.૨૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૨૫૩૪.૨૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૦૯,૦૫૭ સોદાઓમાં રૂ.૭,૧૮૩.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૩૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૯૪૭ અને નીચામાં રૂ.૫૭,૦૬૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૧ વધી રૂ.૫૭,૮૩૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૫૦ વધી રૂ.૪૫,૭૦૩ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૨ વધી રૂ.૫,૬૭૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૨ વધી રૂ.૫૭,૭૬૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૬,૭૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૩૦૦ અને નીચામાં રૂ.૬૬,૨૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૨ વધી રૂ.૬૭,૧૧૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૯૬ વધી રૂ.૬૭,૧૬૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૮૩ વધી રૂ.૬૭,૧૭૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૧૮૬ સોદાઓમાં




રૂ.૧,૮૧૨.૫૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૬૦.૧૦ના ભાવે ખૂલી, રૂ.૩.૪૦ ઘટી રૂ.૭૫૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૦૬.૭૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૫૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૦૭.૨૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૧૮૩ જસત-મિની માર્ચ વાયદો રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૫૮.૯૦ બોલાઈ રહ્યો હતો.


એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૮,૦૯૩ સોદાઓમાં રૂ.૨,૧૮૬.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૯૩ અને નીચામાં રૂ.૫,૭૯૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૫ ઘટી રૂ.૫,૮૧૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૫ ઘટી રૂ.૫,૮૭૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૩ના ભાવે ખૂલી, રૂ.૨.૯૦ ઘટી રૂ.૨૦૯.૨૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૨.૮ ઘટી ૨૨૧.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૯.૪૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૧૦૦ અને નીચામાં રૂ.૬૧,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૦ ઘટી રૂ.૬૧,૬૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૩૦ ઘટી રૂ.૧,૦૦૪.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૯૬૪.૪૩ કરોડનાં ૬,૮૯૨.૨૪૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૨૧૮.૮૮ કરોડનાં ૪૮૧.૨૪૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૪૮૭.૧૨ કરોડનાં ૨૫,૦૯,૬૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૯૯.૭૯ કરોડનાં ૩,૨૮,૦૩,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૩૬૩.૬૧ કરોડનાં ૧૭,૪૭૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૬૨.૫૫ કરોડનાં ૩,૪૧૭ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૯૯૬.૪૦ કરોડનાં ૧૩,૧૮૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૮૯.૯૯ કરોડનાં ૧૫,૦૩૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૦.૭૧ કરોડનાં ૧,૭૨૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮.૭૭ કરોડનાં ૮૬.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૭૩૮.૫૩૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૮૩.૮૦૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૦૧૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૬૬૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૯૯૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૬૧૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૬,૯૮,૩૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૩૭,૦૯,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૦૦૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૭૧.૧૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૫.૬૭ કરોડનાં ૪૫૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૮૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૫૬૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૬૮૩ અને નીચામાં ૧૫,૪૬૦ બોલાઈ, ૨૨૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૧ પોઈન્ટ વધી ૧૫,૬૬૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૨૫૩૪.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૯૬.૨૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૫.૯૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૨૭૩.૪૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૮૫.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૨૯.૯૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૭.૮૦ અને નીચામાં રૂ.૪૩.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫.૪૦ ઘટી રૂ.૪૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૯ અને નીચામાં રૂ.૬.૩૫ રહી, અંતે રૂ.૦.૯૫ ઘટી રૂ.૭.૧૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩૦ અને નીચામાં રૂ.૧૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૦ વધી રૂ.૫૦૦.૫૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4



બોર્ડની પરીક્ષાઓની શરૂઆત થઈ ચુકી છે.વિધાર્થીમિત્રો સારી રીતે પરીક્ષા આપી રહ્યા છે .વિદ્યાર્થીમિત્રોને સારા માર્ક લાવવાની ચિંતા છે માતાપિતા પણ સ્વાભાવિક છે કે પોતાના સંતાનના સારામાં સારા માર્ક આવે એવા પ્રયત્નો કરે છે .

આપણા સચીન તેંડુલકર દસમા ધોરણમાં નાપાસ થયા હતા આજે સચીનના નામે અનેક વર્લ્ડરેકોડ બોલે છે.આપણા લાડીલા સુપર સ્ટાર અમિતાભ બચ્ચન રેડીઓ પરની અવાજની પરીક્ષામાં એંકર તરીકે નાપાસ થયા હતા અને મિત્રો આજે તમે જોઈ શકો છો.બચ્ચન સાહેબ પોતાના અવાજ દમ પર આજે પાંચ પાંચ દાયકાથી બોલીવુડના શહેનશાહ છે

પુજય મોરારીબાપુ ભાવનગરના મહુવા પાસે નાનકડા તલગાજરડા ગામના વતની છે ધોરણ ૧૦માં ત્રણ વખત નાપાસ થયા હતા.આજે પુજય મોરારીબાપુની કથામાં તમને સ્કોલર ગ્રેજ્યુએટ એમ.એ.એમ ફિલ એલ.એલ.બી પી.એચ .ડી. રોજેરોજ જોવા મળશે.

પ્રમુખ સ્વામી મહારાજ ધોરણ ૬ સુધી જ ભણ્યા હતા પણ આજે ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં હિંદુ ધર્મનો પ્રચાર અને પ્રસાર કરતા સેંકડો મંદિરો સ્કુલો હોસ્પિટલનું નિર્માણ કરી બતાવ્યું છે

આપણા મુકેશ અંબાણીના પિતા ધીરુભાઈની કથા તો તમેં જાણો જ છો?

આ યાદી વિધાર્થીમિત્રો બહુ લાંબી છે પણ મારે જે કહેવું છે એ છે કે સ્કુલ કોલેજમાં અભ્યાસ પર પુરતું ધ્યાન આપો પરીક્ષા વખતે ખુબ મહેનત કરો સારા માર્કે પાસ થઈ જાવ પણ જો તમારા થોડા માર્ક ઓછા આવે તો હિંમત હારતા નહીં .આત્મવિશ્વાસને પકડી રાખજો

યાદ રાખજો કુદરત એક દરવાજો બંધ કરતા પહેલા બીજા પાંચ દરવાજા ખોલી નાખે છે દુનિયાની કોઈ તકલીફ કોઈ મુસીબત કોઈ સમસ્યા એવી છે જ નહી કે એનું સમાધાન ના હોય કોઈ ઉકેલ ના હોય

તમારા માતાપિતાએ તમારી પાછળ લખલુંટ ખર્ચ કર્યો છે માટે અભ્યાસમાં ખુબ મહેનત કરો આળસ કરશો નહી પણ પરીક્ષાનું જે પરિણામ આવે એનો સ્વીકાર કરતા શીખો.

વાલીઓને પણ મારી ખાસ વિનંતી છે કે તમારા સંતાનોને તમે સફળ એના પગ પર ઊભા રહેલા જોવા માંગો છો તો પહેલા હાર પચાવતા શીખવજો હાર્યા પછી કેમ વાણીવર્તન રાખવું એ ખાસ શીખવજો હાર જ જીતનું પહેલું પગથિયુ છે જો તમે હાર પચાવતા શીખવશો તો કાલે તમારા સંતાનો સફળતાના શિખર પર ચોક્કસ પહોંચશે સફળતાની ટોચે સફળતાનાં શિખરે સ્થિર કેમ રહેવું એ ઓટોમેટિક શીખી જશે તમને તમારા સંતાનોને યોગ્ય સલાહ અને માર્ગદર્શન તો આપવાનું જ છે

અબ્બાસભાઈ કૌકાવાલા

સુરત

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વની ૭૧ મી શિબિરમાં વ્યાખ્યાન યોજાયું

**જીવનની તકલીફોને આપણા ઉપર હાવી થવા દેવી જોઈએ નહિ પરંતુ તકલીફો ઉપર આપણે હાવી થઇ જવું જોઈએ. કમલેશ પટેલ આપણા વિશ્વાસથી મોટો કોઈ પર્વત નથી – કમલેશ પટેલ**



કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થી કાળથીજ શિક્ષણની સાથે સાથે નેતૃત્વના ગુણ વિકસે અને સારા નાગરિક બની જાહેર જીવનમાં પણ સમાજ પ્રત્યે સેવાની ભાવના કેળવાય તે હેતુ થી સર્વ નેતૃત્વના સેમિનારોનું આયોજન સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા કરવામાં આવે છે.વર્ષ ૨૦૦૯ થી ચાલતા સર્વ નેતૃત્વના ૭૦ થી વધારે સેમિનારો દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલય ની જુદી જુદી કોલેજો ના ૪૬૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લઇ એક અલગ પ્રકારની અનુભૂતિ મેળવી છે. ૪૪ વર્ષિય DID (DANCE INDIA DANCE) નાં કમલેશ પટેલે ઉત્સાહ પૂર્વક જણાવ્યું હતું કે હું ઈચ્છતો હતો કે મારા માતાપિતાની આંખોમાં આંસુ હોય પરંતુ એ આંસુ ખુશીના હોવા જોઈએ. જીવનમાં તમારે કંઈક કરવું છે તો પૂરી દુનિયા એક થઈ તમને સફળ બનાવવા માટે એક થઇ જાય છે. મે જીવનમાં ક્યારેય આશા નથી છોડી. ડાન્સ શીખવા માટેની ફી મારી પાસે હતી નહિ જેથી મારા ઉપર શીખવાડનારનું ધ્યાન રહેતું નહિ. મારો ગુરુ હું પોતે જ છું. આપણે આપણી મંઝીલ સુધી પહોચવું હોય તો ગોલ ને નજર સામેજ રાખો. DID માં ભારતમાંથી ફક્ત ૧૦૦ વ્યક્તિઓની પસંદગી કરવાની હતી, સમગ્ર ભારતમાંથી હજારોની સંખ્યામાં સ્પર્ધકો ઓડીશન માટે આવ્યા હતા, આ સ્પર્ધકોમાંથી એક વ્યક્તિએ મને અપંગ કહ્યો અને કહ્યું કે તુ શું ડાન્સ કરવાનો. જે વ્યક્તિ આપણને ક્રીટીસાઈઝ કરે તેજ આપણો રોલ મોડલ ગણાય. એક મિનિટમાં આઠ અલગ અલગ ડાન્સનું પરફોર્મન્સ આપવાનું હતું, જેમાં હું સફળ થયો. ડાન્સ જે વ્યક્તિ દ્વારા ઓળખ મળી છે તેવા મિથુન ચક્રવર્તીએ મારા ડાન્સ થી પ્રભાવિત થઇ મને વિજેતા જાહેર કરી તેમની સાથે નિર્ણાયક તરીકે બેસાડ્યો. જેઓએ મારી અપંગતાની મજાક ઉડાડી હતી તેમના ડાન્સનાં નિર્ણાયક તરીકે પ્રખ્યાત કોરિયોગ્રાફર સરોજખાન સાથે બેસી હાજર રહ્યો. રાષ્ટ્રપતિશ્રી સુધીના એવોર્ડથી મારું સન્માન કરાયું. મે ખુબજ સંઘર્ષ કર્યો છે, જેના કારણે હું સફળ થયો છું. મે મારી જાતને મારા સંઘર્ષમય જીવનનો અનુભવ થવા દીધો નથી. જીવનની તકલીફોને આપણા ઉપર હાવી થવા દેવી જોઈએ નહિ પરંતુ તકલીફો ઉપર આપણે હાવી થઈ જવું જોઈએ. હું ૩૦૦૦ થી પણ વધારે શો કરી ચુક્યો છું. પોતાના હાથથી શો દરમ્યાન ૫ ફૂટ થી વધારે ઊંચાઈ ઉપરથી જંપ લગાવું છું. તકલીફો મોટી હોતી નથી પરંતુ આપણે તેને મોટી બનાવીએ છીએ.મે મારા જીવનની તકલીફોને મારા ઉપર હાવી થવા દીધી નથી. જો મારા જેવા અપંગ વ્યક્તિ જીંદગીને સફળ બનાવી શકે તો તમારા જેવા સંપૂર્ણ વ્યક્તિ ચોક્કસ સફળતા મેળવી શકે છે.

કમલેશ પટેલના પ્રેરણાદાયી સંબોધનથી હોલમાં વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ સર્જાયો. કમલેશ પટેલ ભારત આઈકોન, GIACC OSCAR એવોર્ડ USA, ભારત પ્રેરણા એવોર્ડ, દિવાળી ફેસ્ટીવલ લંડન, ધરતી રતન એવોર્ડ, ઓરિસ્સા ટુરીઝમ સ્પેશિયલ એવોર્ડ, મીલેનીયમ મેગા એવોર્ડ, અખિલ ભારતીય ગુજરાતી સમાજ ન્યુયોર્ક, રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઘણા એવોર્ડથી સન્માનિત કર્યા છે. સર્વ નેતૃત્વના માસ્ટર ટ્રેનર સુરેશ પટેલ, સર્વ નેતૃત્વનાં કો ઓર્ડીનેટર ધર્મેન્દ્ર પટેલ, સુરજ મુંજાણી, રાહુલ સુખડીયા હાજર રહ્યા હતા. (સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી)

# ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ફટાફટ ઓનલાઈન કવિ સંમેલન યોજાયું

**( ૮ માર્ચ ૨૦૨૩ બુધવાર આંતરરાષ્ટ્રીય મહિલા દિન ની ઉજવણી કવિતા ના માધ્યમથી કરવામાં આવી )**



૮ માર્ચ ૨૦૨૩ બુધવારના રોજ વહેલી સવારે ૭થી ૯ વાગ્યા સુધી ઓનલાઇન કવિ સંમેલન કાર્યક્રમ ચાલ્યો મુખ્ય મહેમાન માતૃકા વિવેક સાહિત્ય મંચ ના અધ્યક્ષ શ્રીમતી આરતી તિવારી સનત દિલ્હી થી ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો નું પુષ્પવર્ષાથી સ્વાગત પ્રીતિ પરમાર પ્રીત સંસ્થા સેક્રેટરી દ્વારા તેઓનો પરિચય અદયક્ષ શ્રી શૈલ દ્વારા આપવા માં આવ્યો વિડિયો સહયોગ ફોરમ આર મહેતા ગુજરાત દ્વારા તૈયાર કરવામાં આવ્યો આભાર બહેન સરસ્વતી વંદના સ્વાતિ જેસલમેર રાજસ્થાન દ્વારા કરવામાં આવી કુલ ૬૧ કવિયત્રીઓ એ પોતાની રચનાઓ પડદા પર મુકી હતી. વોટશોપ ગ્રુપ ૩૮૧થી ખીચોખીચ ભરેલ હતો. ચાલુ કાર્યક્રમમાં ડો.શૈલેષ વાણિયા શૈલ સંસ્થા પ્રમુખ દ્વારા ડિજિટલ પ્રમાણપત્ર નું વિતરણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમ ના અંતે આભારવિધિ શ્રીમતી મધુબેન રાઠોડ દ્વારા કરવામાં આવી હતી આ પ્રસંગે , ગુજરાત, મહારાષ્ટ્ર. ઉત્તર પ્રદેશ છત્તીસગઢ. રાજસ્થાન મધ્ય પ્રદેશ. ઓડિશા. કર્ણાટક, દિલ્હી બિહાર વગેરે રાજ્યોની કવિયત્રીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો .રાષ્ટ્રગાન ઉષા મધુકાંત દાવડા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું આંતરરાષ્ટ્રીય મહિલા દિન ની અનોખી ઉજવણી મંચ પર કરવામાં આવી હતી ભારત માતા ની જય નાદ સાથે છૂટા પડ્યા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારોએ સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિતે સોસાયટીના વિકાસમાં સહભાગી બનનારા રાજકોટના મેયર ડો. પ્રદીપ ડવ અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાતલીધી



૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. હાલ ૨૦૨૩માં તેનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહી છે. આ હાઉસીંગ સોસાયટીના વિકાસના કર્યોમાં હંમેશા મદદરૂપ થનાર રાજકોટના મેયર ડો.પ્રદીપ ડવ અને સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત તાજેતરમાં સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ કે ડોડીયા, સહમંત્રી શ્રી અજયસિંહ ભાઈ પરમાર અને સહમંત્રીશ્રી રમેશ સભાયા , કારોબારી સભ્યશ્રી જીતેશ એમ. પંડિત તેમજ સોસાયટીના સિનિયર મેમ્બર અને પથદર્શક એવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઈજનેર શ્રી ડી. પી. ત્રિવેદી સાહેબે લીધેલ. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કૉ ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના મનપાને લગતા તમામ વિકાસના કામોમાં હંમેશા હકારાત્મક વલણ અપનાવીને સહયોગી બનનારા રાજકોટના મ

# રણાસણ ગામે કરણસા પીર દાદા નો ઉર્સ ઉજવાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે કરણશા પીર દાતાર નો ઉર્સ ઉજવાયો હતો જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો

પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ના રણાસણ ગામે હિન્દુ મુસ્લિમ સમાજના આસ્થા નું પ્રતીક સમા એવા કરણશા પીરની દરગાહ આવેલી છે જેમાં હિન્દુ તેમજ મુસ્લિમ સમાજના શ્રદ્ધાળુઓ દિન પ્રતિદિન દાદા ના દર્શનાર્થે પધારી શ્રદ્ધામાં વધારો કરી રહ્યા છે ત્યારે આજરોજ દાદા નો ઉર્સ હોય સમગ્ર હિન્દુ મુસ્લિમ સમાજના લોકો એકઠા થયા હતા તેમજ કરણશા પીર દાતાર ને ચાદર ચડાવી ધન્યતા અનુભવી હતી.

સમગ્ર રણાસણ ગામના સર્વ જ્ઞાતિના ગામ લોકો દ્વારા લાડુના નૈવેદ ચડાવી શ્રદ્ધા અનુભવી હતી આમ સાથે સાથે હિંદુ મુસ્લિમ સમાજની એકતા ના પણ દર્શન થયા હતા.

# ખેડબ્રહ્માના ખેડવા ખાતે કિશોર - કિશોરીઓના પોષણ, એનીમિયા, જાતીય ફેરફાર અંતર્ગત સામાજીક અને વર્તણૂંક પરિવર્તન સંચાર (SBCC) કાર્યક્રમ યોજાયો

## શાળાની દિકરીઓને ૧૧૦૦ સેનેટરી પેડનું વિતરણ કરાયુ



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારિશ્રીની અધ્યક્ષતામાં કિશોર - કિશોરીઓના પોષણ, એનીમિયા, જાતીય ફેરફાર અંતર્ગત સામાજીક અને વર્તણૂંક પરિવર્તન સંચાર (SBCC) કાર્યક્રમ ખેડવા ગામની એકલવ્ય ઉત્તર બુનિયાદી વિધ્યાવિહાર હાઇસ્કુલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારિશ્રી ડૉ.કિશોરસિંહ ચારણે જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમ વ્યક્તિના વર્તન અને અભિગમમાં બદલાવ લાવવામાં અગત્યની ભૂમિકા ભજવશે. પાંડુરોગમાં માતા- પિતાની ભૂમિકા, ઉચિત આહારની પસંદગી, મોંઘા ફળો અને બજારુ ખોરાકને પસંદ ન કરતાં સ્થાનિક અને ઘર આગળ મળતા ફળ અને શાકભાજીનો ઉપયોગથી બાળક તથા માતાના હિમોગ્લોબીનનું પ્રમાણ ઊંચું લાવી શકાશે. ઘરમાં ખોરાક બનાવવામાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવાથી આહારની ગુણવત્તા જળવાઈ રહે છે .વિશેષમાં તેઓએ દિકરીઓને માસિકધર્મ સમયે સમગ્ર જીવનકાળ દરમિયાન વપરાતા લોહીની ગણતરી કરાવી આર્યન ગોળી, લોહતત્વ યુકત આહારના મહત્વ માર્ગદર્શન આપ્યુ હતું.

આ કાર્યક્રમમાં ધોઇ હેલ્થ & વેલનેસ સેન્ટરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ડૉ.હિતેંદ્રભાઇએ વિદ્યાર્થીઓને ઘરે બનાવવામાં આવતી વાનગીઓ જેવી કે મકાઇના રોટલા,રીંગણાં મેથીનું શાક, સરગવાનો સૂપ, તલ -સીંગ ચીકી, દાળબાટી,ઢોકળી,કેરીની ચટણી, કઠોળ અને શાકભાજીનો સલાડ,પૌષ્ટિક ખીચડી,મેથીના થેપલા જેવી ઘરેલુ વાનગીઓમાંથી મળતા પોષક તત્વોનું મહત્વ સમજાવી વાનગી બનાવી રસોઈ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ.

આર.કે એસ.કે કાઉંસિલર નેન્સિબેને માસિક ધર્મ દરમિયાનની કાળજી, તરુણાવસ્થાના ફેરફારો, સેનેટરી પેડના ઉપયોગ અંગે વિધ્યાર્થીનિઓને જાણકારી આપી હતી શાળાની દિકરીઓને ૧૧૦૦ સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

આર.સી.એચ.ઓ. ડૉ. દેધરોટીયાએ જણાવ્યું કે સામાજીક અને વર્તણૂંક પરિવર્તન સંચાર કાર્યક્રમ દ્વારા જિલ્લામા હેલ્થ વેલનેસ સેન્ટરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દર અઠવાડીયે તેમના સેંટર પર બેઠકો કરી આરોગ્ય શિક્ષણની કામગીરી કરે છે.

વિદ્યાર્થીઓએ સમતોલ આહાર અને એનેમીયા વ્યસન મુક્તિ વિષય પર સ્પીચ આપી હતી. તેમજ વિદ્યાર્થીઓનો- ટોબેકો વિષય પર ચિત્રો બનાવી વ્યસનમુક્તિ પર તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.

શારીરિક અને માનસિક વિકાસમાં પૌષ્ટિક આહાર ખુબ અગત્યનો છે. ઉપસ્થિત પરિવારના વડીલોને બાળકોને જંકફૂડ ના આપતા તેમને ઘરેલુ આહાર લેવાની ટેવ પાડવા જણાવવામાં આવ્યું હતુ.

આ વાનગી હરિફાઇ અને વ્યસન મુકતિ સ્પર્ધાના વિજેતા બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામા આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ખેડબ્રહમા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ કે એમ.ડાભી, વ્રુદ્ધિ પ્રોજેકટના ઓફિસર કુલદિપ સિંહ, શાળાના આચાર્યશ્રી સહિત મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા રહ્યા હતા.

રિપોર્ટર - ઈન્દ્ર પટેલ

## શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર તેમજ વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલી પ્રેરણાદાયી વ્યક્તિત્વ ધરાવતી મહિલાઓનું ‘સુષ્મા સ્વરાજ એવોર્ડ-૨૦૨૩‘થી સન્માન કરાયું





ગાંધીનગર,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર તેમજ વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલી ગાંધીનગર મહાનગરમાં રહેતી પ્રેરણાદાયી વ્યક્તિત્વ ધરાવતી ૨૫ મહિલાઓનું ‘સુષ્મા સ્વરાજ એવોર્ડ-૨૦૨૩‘ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શહેર ભાજપ કાર્યાલય શ્રી કમલમ, સેકટર ૨૧ ખાતે તા.૧૪ માર્ચ ૨૦૨૩ના રોજ આયોજિત કાર્યક્રમમાં મેયરશ્રી હિતેશ મકવાણા, વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, પ્રદેશ મહિલા મોરચા ઉપપ્રમુખ ચંદ્રિકાબેન, મંત્રી શ્રીમતી શ્રદ્ધાબેન ઝા, શહેર ભાજપ મહામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રિયા પટેલ, શહેર સંગઠનના સંગઠનના મહિલા પદાધિકારીઓ, મહિલા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજ માટે પ્રેરણારૂપ બની વિશિષ્ટ યોગદાન આપતી સૌ મહિલાઓના યોગદાનને સૌ એ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તેમજ આગામી સમયમાં પણ તેઓ આજ પ્રકારે સમાજ માટે ઉદાહરણ રૂપ પ્રવૃત્તિઓ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# અલંગનો રિ-સાયક્લિંગ અને રિ-રોલિંગ મીલ ફરી ધમધમશે

ભાવનગર,તા.૧૫

ભાવનગર જિલ્લા માટે અલંગનો રિ-સાયક્લિંગ અને રિ-રોલિંગ મીલ વ્યવસાય અતિ મહત્વનો છે. પંરતુ વર્ષ ૨૦૦૮માં ક્વોલિટી કંટ્રોલ કાયદા હેઠળ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે બીઆઈએસએ શીપની પ્લેટમાંથી સળિયા બનાવવા પર પ્રતિબંધ મુકતો કાયદો અમલી બનાવ્યો હતો. જેની સીધી અસર રિ-સાયકલિંગ અને રિ-રોલિંગ વ્યવસાય પર પડી હતી. કાયદો અમલી બન્યા બાદ જિલ્લામાં કુલ ૧૫૩થી વધુ પ્લોટમાં રિ-રોલિંગ મીલો બંધ કરવાની ફરજ પડી હતી. પરંતુ હવે આ બંને વ્યવસાય ફરી ધમધમતા થશે. કારણકે આગામી સમયમાં રોલિંગ મિલોમાં બનતા સળિયામાં કાચા માલ તરીકે શીપની પ્લેટના ઉપયોગના પ્રતિબંધને હટાવવાની કવાયત તેજ બની છે.

# મોડી રાત્રે રાજ્યના ૪૨ નગરપાલિકાના ચીફ ઓફિસરોની બદલી, હિંમતનગર અને ઈડર નગરપાલિકાના ચીફ ઓફિસરની બદલી

હિંમતનગર,તા.૧૫

રાજ્યમાં મંગળવારેની મોડી રાત્રે રાજ્યના ૪૨ નગરપાલિકાના ચીફ ઓફિસરોની બદલીના હુકમો થાય છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર અને ઈડર નગરપાલિકાના ચીફ ઓફિસરોની બદલી કરવામાં આવી છે. તો ઈડર અને સિક્કા નગરપાલિકામાં સામસામે ચીફ ઓફિસરોની બદલી કરવામાં આવી છે.રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા એક સાથે ૪૨ નગરપાલિકના ચીફ ઓફિસરોની બદલીના હુકમો મોડી રાત્રે કરવામાં આવ્યા છે. તો હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર નવનીત પટેલની પાલનપુર નગરપાલિકામાં બદલી કરવામાં આવી છે. તો મહેસાણા નગરપાલિકાના ચીફ ઓફિસર અલ્પેશ પટેલની હિંમતનગર નગરપાલિકામાં બદલી કરવામાં આવી છે.હિંમતનગર નગરપાલિકામાં ચીફ ઓફિસર તરીકે ફરીવાર નવનીત પટેલ આવ્યા બાદ ફરીવાર અલ્પેશ પટેલ પણ પાલિકમાં ચીફ ઓફિસર તરીકે આવ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.